# 8મો GLF

**સ્નેહીશ્રી,**

આઠમા **ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ** ના પ્રસંગે આપની સાથે વાતચીત કરવાનો અવસર મળવા બદલ અમને ખૂબ આનંદ છે.

**જીએલએફ** એ સંપૂર્ણપણે ફ્રી ફેસ્ટિવલ છે. અર્થાત કાર્યક્રમોમાં ભાગ લેવા માટે કોઈ ફ્રી કે ટિકિટ નથી લેવાની હોતી. હા, મફત થતું રજીસ્ટ્રેશન, વેબસાઇટ પર અથવા ફેસ્ટિવલના સ્થળ પર કરાવી લેવું જરૂરી છે. આ વર્ષે **જીએલએફ**નું આયોજન **ગુજરાત યુનિવર્સિટી ખાતે** સંપુર્ણ નવા અને વિશાળ સ્થળ પર થયું છે. પ્રવેશ અગાઉના વર્ષોના વેન્યુ કનોરીઆ સેન્ટરની સામે આવેલા, ગુજરાત યુનિવર્સિટીના સુભાષચંદ્ર બોઝ દ્વારથી થશે. **શુક્રવાર તા. 20 ડિસેમ્બર, શનિવાર તા. 21 ડિસેમ્બર** ને **રવિવાર તા. 22 ડિસેમ્બર**ના રોજ **સવારના 10થી રાત્રે 10** સુધી આ સ્થળ પર પાંચ કાર્યક્રમ સ્થળો પર વિવિધ કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત **ફૂડ ફેસ્ટિવલ, બુક બાઝાર** અને વેલે પાર્કિંગ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાઈ છે.

આ બધા કાર્યક્રમો આયોજિત કરવા માટે **જીએલએફ**ના સ્વયંસેવકોની ટીમ વર્ષભર કોઈપણ પગાર વિના, અંગત વ્યવસાયિક કામકાજની સાથે-સાથે સમય ફાળવી અને કાર્યરત રહે છે. ગત વર્ષે અનેક કારણોસર અમે અમદાવાદનું આયોજન મોકૂફ રાખ્યું હતું અને માત્ર વડોદરા ખાતેજ આયોજન કર્યું હતું. **જીએલએફ**ને પડતી નાણાંભીડથી અવગત કેટલાક મિત્રોએ યથાશક્તિ સ્પોન્સરશિપ આપવાની તૈયારી દર્શાવી હતી. આથી અમે આ વર્ષથી વ્યક્તિગત સ્પોન્સરશિપ સ્વરૂપે મદદ સ્વીકારવાનું નક્કી કર્યું છે. તમે પણ વેબસાઇટ પર રજીસ્ટ્રેશન વિભાગમાં આપેલી વિગતો મુજબ અમને ઈચ્છા પ્રમાણે મદદરૂપ થઇ શકો છો.

આ કાર્યક્રમોના આયોજનમાં અમારા અંગત આગ્રહ-દુરાગ્રહો કોઈ ભાગ નથી ભજવતા. હા યુવાનો માટેના આ કાર્યક્રમમાં સ્વાભાવિક રીતે અમારું રૂઝાન યુવા વક્તાઓ અને લેખકો તરફ વધારે હોયજ. અમે અમારી સમજણપૂર્વક, સામાન્યરીતે સહુને રસપ્રદ લાગે એવા, અવનવા અને સહુને ઉપયોગી હોય તેવા જ્ઞાનવર્ધક વિષયોને તથા આ તારીખોમાં ઉપલબ્ધ હોય તેવા વક્તાઓને પસંદ કરીએ છીએ. અમને અમારું સ્વાતંત્ર્ય ખુબજ પ્રિય છે અને એટલેજ અમે આ કેમ નહિ, આ કેમ, કે આ સાહિત્ય નથી કે આ શુદ્ધ ભાષા નથી જેવા અંગત મંતવ્યોના ડિબેટમાં નથી પડતા. અમારી માટે આ કાર્યક્રમો રસ પડે તેવું બધા સાથે શેર કરવાનો અવસર છે. **જીએલએફ**ને કોઈ ભાષા બંધન નથી, પરંતુ તેનું કેન્દ્રબિંદુ અને મિજાજ ગુજરાતી છે. અમારા કમ્યુનિકેશનમાં ભૂલો બદલ મિત્રો અમારો કાન આમળતા રહે છે, એ બદલ ખુબજ ધન્યવાદ.

આ વર્ષે અમે એક નવો પ્રયોગ કર્યો છે - એ છે **જીએલએફ ફૂડ ફેસ્ટિવલ.** વિસરાયેલી અને પરંપરાગત તેમજ અલગ-અલગ વિસ્તારોની ગુજરાતી વાનગીઓને માણવા માટેનો મહોત્સવ એટલેકે **'સ્વાદ મહોત્સવ'.** આશા છે કે આપ આ પ્રયોગને વધાવી લેશો. એક શેફ દ્વારા ક્યૂરેટ કરાયેલી શુદ્ધ વાનગીઓ તેનું મુખ્ય આકર્ષણ હશે. આ ઉપરાંત **એન્કર બુક શોપ** પરથી આપ પસંદના લેખકોના પુસ્તકો મેળવી શકશો. **જીએલએફ**ના વેન્યુ ઉપર ઘણા બધા કલાકારોએ **ઇન્સ્ટોલેશન** અને **કલા પ્રદર્શનો** યોજ્યા છે. આશા છે કે સાહિત્ય સાથે સાથે કલા માણવાના અવસરને આપ વધાવી લેશો.

**જીએલએફ** તમારા માટેજ છે. માટે **જીએલએફ**ના કાર્યક્રમોની વિગતો અન્ય મિત્રો સુધી પહોંચાડવા વિનંતી. આશા રાખીએ કે તમે તુરંતથી રજિસ્ટર કરાવી લેશો અને સોશિયલ મીડિયા પર **જીએલએફ**ની પ્રસિદ્ધિમાં મદદ કરશો તેવી અપેક્ષા સાથે. આ કાર્યક્રમ અંગેની તમારી સોશિયલ મીડિયા પોસ્ટમાં અમારા **હેશટેગ #glf #gujlitfest** વાપરશો.

વધુ વિગતો માટે અમારી વેબસાઇટ **www.gujlitfest.com** ની મુલાકાત લેવા વિનંતી. આ સાથે કાર્યક્રમ નું સમયપત્રક સામેલ છે.

**શ્યામ પારેખ**
ફેસ્ટિવલ ડિરેક્ટર

**જુમાના શાહ**
પ્રોગ્રામિંગ ડિરેક્ટર

**સમકિત શાહ**
ફેસ્ટિવલ પ્રોડ્યૂસર